# આવતીકાલે વિદ્યાભારતીના મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્રની દશાબ્દી ઉજવાશે

## મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેશે : મહિલા અને બાળ વિકાસ મંત્રી વસુબેન ત્રિવેદી ઉદ્‌ઘાટન કરશે અને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સમાપન કરશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સે. ૨૨માં આવેલ વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણન કેન્દ્ર ખાતે આઈસીડીએસી મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્રને દસ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે તા. ૨૯મી જાન્યુઆરીએ દશાબ્દી ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમ સવારે ૧૦.૦૦ વાગ્યાથી પ્રારંભ થશે જે સાંજે ૫.૩૦ વાગ્યા સુધી ચાલશે. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન મહિલા અને બાળ વિકાસ મંત્રી વસુબેન ત્રિવેદી દ્વારા કરાશે અને સમાપનમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા અને કલ્પતરૂ પાવર કંપનીના ડાયરેક્ટર કમલ કિશોર જૈન ઉપસ્થિત રહેશે. આ દશાબ્દી ઉજવણી કાર્યક્રમમાં કુપોષણ અંગે વિચારગોષ્ઠી યોજાશે તેમજ મુખ્ય સેવિકા માર્ગદર્શિકા પુસ્તિકાનુ વિમોચન કરાશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ઉત્કૃષ્ઠ સેવા પ્રદાન કરનાર મુખ્ય સેવિકા બહેનોનું સન્માન પણ કરવામાં આવશે.

# લાંઘણજ ગામે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

લાંઘણજ, તા. ૨૮

ગાંધીનગર નજીકના લાંઘણજ ગામે શ્રી મા વરૂડી, વહાણવટી અને ભગવતી બ્રહ્માણીમાતાની મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૮, અને ૨૯મી જાન્યુઆરી-૨૦૧૫ના રોજ સવારે ૯.૦૦ થી રાત્રિના ૯.૦૦ કલાક દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આ પ્રસંગે તા. ૨૮મીના રોજ પ્રભાત સોલંકીનો લોકડાયરો અને અન્ય કાર્યક્રમો તથા ૨૯મીના રોજ શોભાયાત્રા, મહાયજ્ઞ, મૂર્તિસ્થાપના, શિખર પૂજન અને મહેમાનશ્રીનો સત્કાર સમારોહ યોજવામાં આવનાર છે.

આયોજક અને નિમંત્રક શ્રીમતી અંબાબેન અને શ્રી બાલુરામ સદારામ પંડ્યા પરિવાર વતી શ્રી દેવેન્દ્રભાઈ પંડ્યાએ જણાવ્યું છે કે, શ્રી બાલુરામ સદારામ પંડ્યા દ્વારા નૂતન મંદિરનુંનિર્માણ કરવામાં આવ્યુંછે. અને દેવસ્થાનોમાં મૂર્તિસ્થાપન કરીને લોક સમૂદાયને અર્પણ કરવામાં આવનાર છે. બંને દિવસના કાર્યક્રમો માઈભક્તો, દાતાઓના ઉદાર દાનથી સંપન્ન બનશે. આ પ્રસંગે લાંઘણજ ગુરૂબ્રાહ્મણ સમાજના સગાવ્હાંલા અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

સમારંભના અધ્યક્ષપદે શ્રી બાલુરામ સદારામ પંડ્યા ઉદ્‌ઘાટક તરીકે ડૉ. કેતનાબેન મિસ્ત્રી, શ્રીમતી જશોદાબેન અને ગોપાળભાઈ પ્રજાપતિ ઉપસ્થિતરહેશે. મુખ્ય મહેમાનપદે ધારાસભ્યશ્રી પૂનમભાઈ મકવાણા, અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રી પ્રવીણભાઈ પંડ્યા તથા શ્રી એ.કે. પંડ્યા મેનેજિંગ ટ્રસ્ટી ત્રિકમ સાહેબની જગ્યા ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે વિવિધ ધામ મંદિરના આચાર્ય હંસાબા માતાજી, ટ્રસ્ટી શ્રી રામજીભાઈ અને શ્રી સાગરભાઈ ગઢવી મહિલા બાળ વિકાસના ચેરમેન સવિતાબેન શ્રીમાળી સમાજની વિવિધ જગ્યાઓના ગાદીપતિ મહંતો ઉપસ્થિત રહેશે.

લાંઘણજ ગ્રામપંચાયતના સરપંચ મંજુલાબેન અંબાલાલ પટેલ, સીતારામભાઈ પટેલ, માજી સાંસદ નટુજી ઠાકોર, સહાયક માહિતી નિયામક ભાનુભાઈ દવે, અગ્રણી વેપારી ભુપેન્દ્રભાઈ પટેલ, કાર્યપાલક ઈજનેર પી.એન. પંડ્યા, લ્હોર ગામના સામાજિક અગ્રણી, કનુભાઈ પી. શ્રીમાળી, તીજોરી અધિકારી વલસાડ, શ્રી પ્રવીણ પંડ્યા અને શ્રી પી.વી. શ્રીમાળી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

સમગ્ર સમારોહનું સંકલન મહેસાણા ગુરૂબ્રાહ્મણ સમાજના પ્રમુખ શ્રી પ્રવીણચંદ્ર એ. ગાંધી કરશે જ્યારે યજ્ઞમાં આચાર્યપદે મહેશભાઈ શાસ્ત્રી તથા સાથીઓ ઉપસ્થિત રહેશે. સમગ્ર સમારોહમાં ઉપસ્થિત રહેવા શ્રી બાલુરામ સદારામ પંડ્યા પરિવાર અને રત્નોસર પરિવાર લાંઘણજ સહિત મહાનુભાવોએ અપીલ કરી છે.

# ગાંધીનગરમાં ૩૦મી જાન્યુઆરીએ ગાંધીકથાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સેકટર-૬-બીમાં આવેલ ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે તા. ૩૦મી જાન્યુઆરી 'ગાંધી નિર્વાણ દિને' શ્રી ગાંધી કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા બપોરે ૩.૩૦ થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે.

'શ્રી ગાંધી કથા'નું આયોજન ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, સે-૬ના પેન્શનર સમાજ તેમજ માનવ સેવા મંડળના સંયુકત ઉપક્રમે યોજવામાં આવી છે. આ કથાના વકતા કનુભાઈ દવે છે અને કંદર્પ ત્રિવેદી સંગીત આપશે. આ કથામાં મહાત્મા ગાંધીના બાળપણથી સંઘર્ષમય યુવાની, રાષ્ટ્રભકિત અને આઝાદીની લડત, સત્ય-અહિંસાના ગુણોની તાકાત અને તેમના સમગ્ર જીવનને આવરી લેવામાં આવશે. આ કથાનો લાભ લેવા તમામ નગરજનોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ભાજપા પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા આજથી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે ભાજપાના પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા આજથી ત્રણ દિવસ એટલે કે તા. ૨૭થી ૨૯ જાન્યુઆરી દરમિયાન ગુજરાતના પ્રવાસે છે.

તેઓ આ દિવસો દરમિયાન પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા અને પ્રદેશ સંગઠન પર્વના ઈન્ચાર્જ શ્રી મનસુખભાઈ માંડવીયા સાથે જુદા જુદા પાંચ જિલ્લાની મુલાકાત લેશે અને સંગઠનની બેઠકો યોજશે.

# ચિલોડા પાંચ માર્ગના સર્કલ વચ્ચે મુકેલા સીસીટીવી કેમેરા વૃક્ષોની આડશમાં નકામા

## મુંબઈ-દિલ્હી નેશનલ હાઈવે ઉપરના આ સ્થળે અસંખ્ય લોકોની અવરજવર ઉપર ચાંપતી નજર હાલ ઢંકાયેલી

ગાંધીનગર, તા. ૨૭

રાજયના પાટનગરમાં પ્રવેશ કરવા માટેના દ્વારો પૈકીનું ચિલોડા પ્રવેશ દ્વાર પણ સુરક્ષાના હેતુસર ખૂબ



જ મહત્વનું ગણાય છે. જેથી ચિલોડાના પાંચ માર્ગના મધ્યે સર્કલ વચ્ચે સીસીટીવી કેમેરા મુકી દૈનિક ગતિવિધિઓ ઉપર ચાંપતી નજર રાખવાનું આયોજન કરેલ છે. પરંતુ આ કેમેરાની ફરતે ઘટાટોપ વૃક્ષોની આડશ થઈ જતા હાલ આ કેમેરા નકામા બની ગયા છે. અને સુરક્ષા વ્યવસ્થામાં મસમોટુ છિંડુ બની ગયું છે. જો કે ચિલોડા પોલીસ સ્ટેશનમાંથી આ કેમેરાનું મોનીટરીંગ થતુ હોઈ આ બાબત ગંભીરતાથી ન લેવાતા લોકોમાં અનેક સવાલો પેદા થયા છે.

ગાંધીનગરથી ફક્ત આઠ કિ.મી.ના અંતરે મુંબઈ-દિલ્હીને જોડતો નેશનલ હાઈવે નં. ૮ પસાર થાય છે અને ગાંધીનગર તરફ આવવા ચિલોડા એ પ્રવેશ દ્વારનું કેન્દ્ર બન્યું છે. વધુમાં ચિલોડાના મહત્વના પાંચ માર્ગ અમદાવાદ, દહેગામ, ગાંધીનગર, હિંમતનગર અને ગ્રામ્ય વિસ્તાર એવા સાદરા તરફની સૌથી વધુ અવરજવર રહે છે. નેશનલ હાઈવે હોવાથી સતત આ સ્થળ વાહનોથી ધમધમતુ રહે છે અને અનેકવાર પોલીસ દ્વારા નાકાબંધી કરી ગેરકાયદેસર ગુસાડાતા દારૂને ઝડપ્યો હોવાના બનાવો બની ચુક્યા છે. જેથી ચિલોડા સર્કલ વચ્ચે સુરક્ષાના મુળભૂત હેતુને ધ્યાને રાખી સીસીટીવી કેમેરા લગાવ્યા છે. તેમજ આ કેમેરાનું મોનીટરીંગ ચિલોડા પોલીસ સ્ટેશનમાંથી થઈ રહ્યું છે. હાલ આ સીસીટીવી કેમેરાની ફરતે ઘટાટોપ વૃક્ષોની આડશ થઈ ગઈ છએ જેથી કેમેરામાં દૈનિક ગતિવિધિ નોંધાતી નથી. વધુમાં રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા દત્તક લેવાયેલા આ સર્કલની માવજત તો લેવાય છે પરંતુ ઘટાટોપ વૃક્ષોની કાપકુપ કરી આકર્ષક બનાવાતા નથી જેથી આ સર્કલનું દશ્ય કદરૂપુ દેખાય છે.

ચિલોડા પોલીસ સ્ટેશન દ્વારા પણ આ અંગે કોઈ જ કાર્યવાહી ન થતા લોકોમાં શંકા કુશંકા ઉભી થઈ છે. દૈનિક અસંખ્ય લોકોની અવરજવર રહેતી હોય અને નેશનલ હાઈવે પસાર થતો હોય ત્યારે ગંભીર ગણાતી આ બાબતે બેદરકારી છતી થઈ રહી છે. ભારે ખર્ચ કરી સીસીટીવીનું આયોજન થાય છે ત્યારે નજીવી બાબતો થકી તેનો હેતુ મરી પરવારે તે ગંભીર ક્ષતિનો ભાગ હોવાનું લોકો જણાવી રહ્યા છે. જેથી સત્વરે વૃક્ષોની આડશ દુર કરી કેમેરાનો ઉપયોગ થાય એવા પગલાં લેવા માંગ ઉભી થઈ છે.

# મેડીકલ પેરામેડીકલ માટે ગુજકેટની પરીક્ષા ૭મી મેના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયમાં એમ.બી.બી.એસ. બી.ડી.એસ. પેરા મેડીકલ અને આયુષ્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગૃપ-બી અને ગ્રુપ એ-બીના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા તા. ૭-૫-૨૦૧૫ના રોજ યોજવામાં આવશે.

માધ્યમિક શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવ્યાનુસાર રાજય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ પછીની ડીગ્રી ફાર્મસી તેમજ મેડીકલ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટેની ગુજકેટ વર્ષ ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષની બોર્ડ દ્વારા લેવામાં આવશે.

ગુજકેટની પરીક્ષા ૭-૫-૨૦૧૫ને ગુરુવારના રોજ ૧૧.૦૦થી ૧૪.૦૦ કલાક દરમિયાન જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે યોજશે. વિજ્ઞાન પ્રવાહના ત્રીજા અને ચોથા સેમેસ્ટરના અભ્યાસક્રમ આધારીત ગુજકેટની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ રહેશે.

ગુજકેટ માટે ભૌતિકશાસ્ત્ર રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાન ત્રણેય વિષયોના ૧૨૦ પ્રશ્નો ધરાવતું પ્રશ્નપત્ર હશે જેના ઉત્તર ઓએમઆર ઉપર નોંધવાના રહેશે. અને તે માટે કુલ ૩ કલાક - ૧૮૦ મીનીટનો સમય આપવામાં આવશે.

પરીક્ષાના પ્રશ્નપત્રો ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી એમ ત્રણ માધ્યમમાં આપવામાં આવશે. આવેદનપત્ર ઓન લાઈન ભરવાનું રહશે તે અંગેની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

# સાતથી વધુ જિલ્લામાં આજે એક સાથે એક સમયે સબ કેનાલોના ખાત મુહૂર્ત કરાશે

ગાંધીનગર, તા. ૨૭

રાજયના સાતથી વધુ જિલ્લાઓમાં આવતીકાલે એક જ સમયે એક સાથે નર્મદા યોજના આધારીત સબ કેનાલોનું ખાતમુહૂર્ત કરીને કેનાલોના કામનો પ્રારંભ કરાવશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલ તા. ૨૮મીના રોજ રાજયના સાતથી વધુ જિલ્લામાં નર્મદા આધારીત સબ કેનાલોનો ખાતમુહૂર્ત માટે મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જનાર હોઈ રાજયમંત્રી મંડળની બેઠક સવારના બદલે સાંજે પાંચ કલાકે રાખવામાં આવી છે.

રાજય મંત્રીમંડળના તમામ મંત્રીઓને જુદા જુદા જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી હોઈ આવતીકાલ તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ એક સાથે એક જ સમયે નર્મદા યોજના આધારીત સબ કેનાલોના કામોનુ ખાતમુહૂર્ત મંત્રીઓના વરદ હસ્તે કરવામાં આવશે. અને સબ કેનાલોના કામોનો પ્રારંભ કરાવીને ઝડપથી આ કામો પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલે સાંજે મળનારી રાજયમંત્રી મંડળની બેઠકમાં આગામી વિધાનસભા સત્ર માટે રાજ્યપાલશ્રીના પ્રવચન અંગેના મુદ્દાઓ પર ચર્ચા કરીને આખરી કરવામાં આવનાર હોવાનુ જાણવા મળે છે.

# નાણામંત્રીના અધ્યક્ષપદે અંદાજપત્ર તૈયાર કરવા બેઠકોનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના વર્ષ-૨૦૧૫-૧૬ના અંદાજપત્ર તૈયાર કરવા માટે નાણામંત્રીના અધ્યક્ષસ્થાને બેઠકોનો આજથી મેરેથોન બેઠકનો ધમધમાટ શરૂ થવા પામ્યો છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની વાર્ષિક યોજનાને આખરી કરવામાં આવ્યા બાદ હવે રાજ્યની આવક અને ખર્ચના અંદાજોની સમીક્ષા નાણા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

રાજ્યના નાણામંત્રીના અધ્યક્ષસ્થાને આજથી નાણા વિભાગના અધિકારીઓ સાથે બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. નાણા વિભાગ દરેક વિભાગ સાથે બેઠકો યોજીને વિભાગ દ્વારા ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ યોજનાકીય અને બિન યોજનાકીય ખર્ચની સમીક્ષા કરીને વિભાગોને આગામી વર્ષ માટે કેટલુ બજેટ ફાળવવુ એ અંગે ચર્ચા વિચારણા કરીને નિર્ણય લેવામાં આવનાર હોવાનુ જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ વિભાગો સાથે બેઠકોનો દોર પૂર્ણ થયા બાદ વિભાગ દ્વારા રાજ્યની ખર્ચ અને આવકના અંદાજોની સમીક્ષા કરીને રાજ્યની આવક વધારવા માટે આગામી વર્ષના અંદાજોમાં રાજ્યની પ્રજાને કઈ કઈ વસ્તુઓ કે સેવાઓમાં રાહત આપવી કે કયા ક્ષેત્રમાં વેરા નાંખવા એ અંગેની એક દરખાસ્ત તૈયાર કરીને રાજ્ય સરકાર સમક્ષ નાણા વિભાગ દ્વારા રજુ કરવામાં આવશે.

આગામી માસમાં બજેટ વિધાનસભામાં રજુ કરવાના આગલા દિવસે રાજયના નાણામંત્રી અંદાજપત્રને આખરી ઓપ આપશે. આથી આગામી બજેટમાં સરકાર પ્રજાને રાહતો આપશે કે પછી કરબોજનો ભાર તે જોવુ રહ્યું.

## તોતિંગ પોપડું... ● પહેલા પાનાનું ચાલુ

પણ આવાસોની છતમાંથી પોપડા ખરવાની ફરિયાદો યથાવત રહેતા ઘણીવાર આવા કિસ્સાઓમાં રહીશોને ગંભીર ઈજા થતી હોવાનું પણ પ્રકાશમાં આવે છે. સે-૬માં સ્થિત ચ-૧ કક્ષાના બ્લોક નં. ૪૩૮/૫માં આજે બપોરે બેઠકરૂમની સીલીંગમાંથી તોતિંગ પોપડું પડયું હતું. આ દરમિયાન બેઠકરૂમમાં સુતેલી રોશની પટેલને માથાના ભાગે ઈજા થવા પામી હતી. તેણીને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં રોશનીને માથાના ભાગે ચાર ટાંકા લેવા પડયા હતા. સે-૬માં સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા અગાઉ પણ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. બીજી તરફ સેકટરમાં અન્ય આવાસોની છત પણ સલામત ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસોનું તબક્કાવાર રીનોવેશન હાથ ધરવામાં આવે છે પરંતુ આવાસોની છત રીનોવેશનના અંતે પણ સલામત નથી. આવાસોના રીનોવેશન દરમયાન સિલીંગનું પણ યોગ્ય સમારકામ હાથ ધરવામાં આવે તો આવા બનાવો અટકાવી શકાય તેવી લાગણી પણ રહીશોમાં પ્રવર્તી છે. તજજ્ઞો દ્વારા સીલીંગમાંથી પોપડા ખરતા અટકે તે માટે યોગ્ય અભ્યાસ હાથ ધરી સમારકામ કરવામાં આવે તે અનિવાર્ય બન્યું છે.

## પ્રજાસત્તાક દિનની ઉજવણી... ● બીજા પાનાનું ચાલુ

દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી અને અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાળકોએ દેશભક્તિના કાર્યક્રમો રજુ કર્યા હતા. આ કાર્યક્રમોના વિજેતા બાળકોને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા.

● ડૉ. બાબાસાહેબ આંબેડકર છાત્રાલય ખાતે ધ્વજવંદન કરાયું

ગાંધીનગરના સે. ૭માં આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હાઉસ માસ્ટર આર.યુ. પરમારે ધ્વજ લહેરાવ્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

● પીંપળજની મહર્ષિ અત્રિ વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

ગાંધીનગર તાલુકાના પીંપળજ ખાતે આવેલ મહર્ષિ અત્રિ વિદ્યાલય ખાતે પણ પ્રજાસત્તાક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોએ દેશભક્તિના ગીતો, નૃત્યો અને નાટકો રજુ કર્યા હતા. વિદ્યાર્થીઓએ ગરબો અને નૃત્ય રજુ કર્યુ હતુ.

● ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ધ્વજવંદન યોજાયું

રાંધેજા ખાતે આવેલ જીઆઈપીએસમાં ૬૬મા પ્રજાસત્તાકદિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ દેશભક્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા અને પ્રિ-પ્રાયમરી સેક્શનના અરૂણાબેન દ્વારા પંજાબી ગીત રજુ કર્યું હતું.

● હીરામણિ સ્કૂલમાં પ્રજાસત્તાક દિને ધ્વજવંદન કરાયુ

ગાંધીનગર સરખેજ હાઈવે પર આવેલ હીરામણિ સ્કૂલમાં પ્રજાસત્તાક દિને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ગુજરાત યુનિવર્સિટીના પ્રા. નિતીનભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સંસ્થાના પ્રમુખ નરહરિભાઈ અમીન, ઉપપ્રમુખ નીતાબેન અમીન, ડિરેક્ટર ડૉ. અંબુભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૩૬ લાખથી વધુ...

● પહેલા પાનાનું ચાલુ

અભિયાનના પ્રથમ દિવસે જ એક કરોડની વિક્રમી વસુલી પછી આજે અભિયાનના બીજા તબક્કામાં ૩૬ લાખથી વધુની વસુલી કરી છે. જો કે આ અભિયાન હજુ વધુ સઘન અને અસરકારક બનાવવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા બે ટીમોનું ગઠન કરવામાં આવનાર છે.

મહાનગરપાલિકામાં મિલ્કતવેરાની બાકી વસુલી ૫૦ કરોડ જેટલી છે અને હવે તંત્ર આ મુદ્દે કોઈ ઉદાસીનતા દાખવવાના મૂડમાં નથી. કોર્પોરેશન દ્વારા વસુલી માટે નોટીસો આપવાની મુદત પુરી થઈ ગઈ છે અને આ વસુલી માટે અધિકારીઓને પણ કડક સૂચના આપવામાં આવી છે.

## ઠંડીનું મોજું...

● છેલ્લા પાનાનું ચાલુ

તાપમાન ૯.૫ ડિ.સે. નોંધાયું હતું. તાપમાન ઘટવાની સાથે જ પવનની ગતિ પણ ખુબ વધારે રહેતા ઠંડીની અસર વધુ જણાતી હતી. ઠંડીના કારણે જનજીવન પર પણ તેની સીધી અસર જણાઈ આવે છે. સવારની શાળાઓમાં બાળકોની હાજરી ઓછી થઈ ગઈ છે. જે બાળકો શાળાએ જાય છે તેઓ પણ બે-ત્રણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને શાળાએ પહોંચે છે. સેકટરોના આંતરિક માર્ગો તો સાંજે સાત વાગ્યા પછી અવરજવર વિનાના થઈ જાય છે. વસાહતીઓ ઠંડીના કારણે ઘરની બહાર નીકળવાનું જ ટાળી રહ્યા છે.

## પાણી ટક્યુ નથી...

● છેલ્લા પાનાનું ચાલુ

દૃષ્ટિએ તળાવની સપાટી હજુ સખત ન હોવાના લીધે તેમા પાણી ટકતુ ન હોવાનુ સૂત્રો જણાવી રહ્યા છે. આવા સંજોગોમાં તળાવમાં પાણી ટકે તે માટે પણ સતત પાણી સપ્લાય થાય તે અનિવાર્ય છે. બીજી તરફ તળાવ વિકાસની યોજના પાછળ કરોડોનો ખર્ચ થયા બાદ તળાવને પાણીથી તરવતર રાખવા બાજુમાંથી પસાર થતી નર્મદાની લાઈનમાંથી પાણી સપ્લાય કરવા પણ માંગ ઉઠવા પામી છે. ખાલીખમ તળાવના લીધે આ વિસ્તારની રોનક નિખરતી નથી.

# ભાભરમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લાના ભાભર મુકામે ૬૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પંચાયત વિભાગના સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસદીય સચિવશ્રી રણછોડભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આજે આપણે ગણતંત્રના ૬૬માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. સ્વતંત્રતા પછી આ દેશ સાર્વભૌમત્વ સાથે સુખી અને સમૃદ્ધ બને તે માટે રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીજી, સરદાર પટેલ, ડૉ. બાબા સાહેબ આંબેડકરજી અને અનેક વીર સપુતોએ મહાન કામ કર્યું છે. તેમણે કહ્યું કે વીર શહીદો અને રાષ્ટ્ર સપુતોના જીવનમાંથી પ્રેરણા લઈ મહામુલી આઝાદીનું જતન કરીએ.

## એએનબીએચ પ્રમાણપત્ર ● પહેલા પાનાનું ચાલુ

હોવાથી તેને ચોથા વર્ષની મંજુરી પણ વિલંબમાં પડી છે અને પુનઃ ઈન્સ્પેકશન આવવાનું છે ત્યાં હવે એન.એ.બી.એચ. પ્રમાણપત્રને લઈ થઈ રહેલા વિલંબે આરોગ્યતંત્રની સેવાઓને લઈ અનેક પ્રશ્નાર્થો ઉભા કર્યા છે.


મળતી વિગતો પ્રમાણે એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર અત્યંત ખર્ચાળ પ્રક્રિયા હોવાથી હવે વધુ કોઈ નવી અરજીઓ કરવી નહિ તેવો નિર્ણય રાજયકક્ષાએ લેવાયો છે પરંતુ ગાંધીનગર સિવીલ હોસ્પિટલને જયાં સુધી નિસ્બત છે ત્યાં સુધી તે મેળવવાના સઘન પ્રયાસો કરવા માટેની કડક તાકીદ પણ કરવામાં આવી છે.

ગાંધીનગર સિવીલ સત્તાવાળાઓએ એન.એ.બી.એચ. સત્તાવાળાઓ સમક્ષ ગુણવત્તાસભર સેવાઓ અંગે દાવો કર્યો હતો કે ૯૦ ટકાથી વધુ દર્દીઓ અહીંથી સાજા થઈ તેમના ઘરે ફરત ફર્યા છે.

બિન સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એન.એ.બી.એચ.ના ઈન્સ્પેકશન માટે આવેલી ટીમે ૪૦થી વધુ ત્રુટીઓ અંગે હોસ્પિટલના સત્તાવાળાઓનો ખુલાસો માંગ્યો હતો. હોસ્પિટલના સત્તાવાળાઓએ આ જવાબ નવેમ્બરના અંત સુધીમાં રજુ કરી દીધા હતા.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલના સત્તાવાળાઓ હાલ તો પ્રમાણપત્રના મુદ્દે મૌન સેવી રહ્યા છે.

# શબ્દાવલી - ૫૬૨૭



### આડી ચાવી

૧. આવવા જવાનો વહેવાર(૬)
૬. શૂન્ય, મીંડુ (૨)
૭. એક પ્રકારનું લાકડું (૨)
૮. ઝેર (૨)
૯. માચડો (૨)
૧૧. જે હુકમ થાય તે પ્રમાણે કરનારા (૩)
૧૪. યશ (૨)
૧૫. કાચા ખવાતા શાકભાજીનું બને (૩)
૧૬. મમ્મીના ભાઇને... કહેવાય(૨)
૧૭. 'પરમ' શબ્દ આડા અવળો(૨)
૧૯. એકાગ્ર (૨)
૨૦. જયોત્સનાનું નામ... થતાં વાર ન લાગે (૨)
૨૧. કાગળ કે કાપડને વેતરવાથી વધતો નકામો કચરો (૪)
૨૨. સોપારી વાતરવા સુડી કે... વપરાય (૨)

### ઊભી ચાવી

૧. જીવનભર (૪)
૨. લગ્નનો મોટો પ્રસંગ (૨)
૩. પહેલાના જમાનામાં ડાકુઓ ઘાડ પાડતા પહેલા... મોકલતા(૪)
૪. લાગવગ (૨)
૫. અંગની રક્ષા કરવા વપરાતું કવચ(૪)
૯. દિવાસળીની પેટી (૩)
૧૦. ગરબડ ગોટાળા (૫)
૧૨. અણસમજું (૪)
૧૩. કેડ, કમર (૨)
૧૪. જામીનગીરી (૪)
૧૬. શેઠ, મિલ્કતનો ધમી (૩)
૧૮. નેહ, પ્રેમ, સ્નેહ (૩)

### શબ્દાવલી ૫૬૨૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) તોડ (૨) આત્મશ્લાધા (૪) સંક્ષિપ્ત (૫) ફાલતુ (૭) જવતલ (૯) ફરમાન (૧૧) ફરા (૧૨) દાઝ (૧૩) જાજરૂ (૧૫) રોજમેળ (૧૭) ગાંધીવાદ

**ઊભી ચાવી :-** (૧) તોહફા (૨) આપ્તજન (૩) ઘાયલ (૪) સંતુર (૬) લફરાબાજ (૮) તમીઝ (૧૦) માયાજાળ (૧૨) દારૂબંધી (૧૪) વાળંદ (૧૫) રોફ (૧૬) મેના




SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ